# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

SGCCI

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૫/૧૨/૨૦૨૧

તંત્રીશ્રી, _____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ભગવદ ગીતા, માતાની જેમ માર્ગદર્શક બનીને બિઝનેસની મુશ્કેલીમાંથી બહાર કાઢવાનો રસ્તો બતાવે છે

## ભગવદ ગીતા, માણસો વચ્ચે ભેદ નહીં કરવાનું શીખવે છે તથા ધર્મ, જાતિ અને આર્થિક પરિસ્થિતિનો ભેદભાવ નષ્ટ કરે છે : વિનય પત્રાલે

## ચેમ્બર દ્વારા ઉદ્યોગ સાહસિકોને ભગવદ ગીતામાંથી બિઝનેસ મેનેજમેન્ટના પાઠ શીખવવા માટે સેમિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ભગવદ ગીતામાંથી બિઝનેસ મેનેજમેન્ટના પાઠ' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે મેનેજમેન્ટ ટ્રેનર એન્ડ મોટીવેશનલ સ્પીકર, ઓથર, કોલમીસ્ટ, રેકી માસ્ટર તથા ભારત ભારતીના ફાઉન્ડર પ્રેસિડેન્ટ વિનય પત્રાલેએ ઉદ્યોગ સાહસિકોને ભગવદ ગીતાના વિવિધ અધ્યાયોમાંથી બિઝનેસ મેનેજમેન્ટના પાઠ શીખવ્યા હતા.

ચેમ્બરના તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ દિનેશ નાવડિયાએ સેમિનારમાં સર્વેને આવકારી જણાવ્યું હતું કે, ભારતના ગ્રંથો અને વેદોમાં જીવનશૈલીની પદ્ધતિ આપેલી છે. એમાં જીવન જીવવા માટેનું આખું જ્ઞાન અને વિવિધ વિડંબણાઓનું નિરાકરણ અપાયેલું છે. આ ગ્રંથોમાં ખાસ કરીને ભગવદ ગીતામાં વધુ જ્ઞાન જોવા મળે છે. આજના યુગમાં પણ દુનિયાભરના મોટીવેશનલ સ્પીકર્સ ભગવદ ગીતાના અધ્યાયોને લઇને મોટીવેશનલ સ્પીચ આપી લોકોને જીવનમાં તથા બિઝનેસમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરે છે.

આજના વકતા વિનય પત્રાલેએ જણાવ્યું હતું કે, ભગવદ ગીતાની જયંતિ ભારતભરમાં ઉજવાઇ રહી છે પણ આવનારા સમયમાં તે વિશ્વભરમાં ઉજવાશે. ગીતા કહે છે કે, જીવન આનંદ માટે છે. તમે તમારા બિઝનેસમાં શ્રેષ્ઠ છો તો તમને જોઇને બાકી બધા કૃતિઓ કરે છે. તમે બધી રીતે પરફેકટ બનશો તો જ ચાલશો. આપણે આદર્શ બનીશું તો પરિવાર, સમાજ અને દેશ આદર્શ બનશે તથા બિઝનેસમાં પણ એ બાબત કામ લાગશે. ભગવદ ગીતા એમાં મહત્વની ભૂમિકા ભજવે છે. ભગવદ ગીતા, આખી દુનિયા માટે જ્ઞાન મેળવવાનું એક પ્રકારનું ગેઝેટ છે પણ કમનસીબે તેમાં રહેલા જ્ઞાનના એક ટકા જ્ઞાનનો પણ મોટાભાગના લોકો લાભ લેતા નથી.

બિઝનેસમાં જે કઇ પણ નાની – મોટી મુશ્કેલીઓ ઉભી થતી હોય છે તેમાંથી બહાર કાઢવાની તાકાત ભગવદ ગીતામાં જ છે. એ જ તમને બિઝનેસમાં સફળતાની દિશામાં આગળ વધવા માટેનું યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે. ભગવદ ગીતામાં અપાયેલા વિવિધ અધ્યાયોના વાંચન માત્રથી વ્યકિત તેના વ્યકિતગત જીવન, પારિવારિક જીવન, સામાજિક જીવન અને બિઝનેસમાં સફળતા હાંસલ કરી શકે છે.

જો કે, બિઝનેસમાં લીડર બનવા માટે પોતે પણ કાંઇ કરવાનું રહેશે. ચાર લોકોની જેમ નહી પણ તેઓથી અલગ વિચારવું પડશે. બિઝનેસને યોગ્ય રીતે મેનેજ કરી તેમાં સફળતા મેળવવા માટે ટીમ વર્ક જરૂરી છે. આથી તમારા જેવું વિચારનારા લોકોની ટીમ બનાવવી પડશે. કો–ઓર્ડિનેશન સારી રીતે થશે તો જ ઇફેકટીવ કામ થઇ શકશે અને બિઝનેસ ગ્રો કરશે. એના માટે બધાની સાથે સંબંધ સારા રાખવા પડશે. કંપની અથવા સંસ્થામાં કર્મચારીઓનું કયારેય શોષણ નહી થાય તેનું ધ્યાન રાખવું પડશે. રૂપિયા બચાવીને કયારેય રૂપિયા કમાવાતા નથી. રૂપિયા ખર્ચીને જ રૂપિયા કમાવાતા હોય છે.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन । मा कर्मफलहेतुर्भुर्मा ते संगोऽस्त्वकर्मणि ॥

ભગવદ ગીતાનો આ શ્લોક ખૂબ જ જાણીતો છે. જે વ્યકિત કર્મ કરે છે તેને ફળ મળવાનું જ છે પણ તેણે ફળની ઇચ્છા વગર કર્મ કરવાના છે. જો કે, હકીકતમાં કોઇપણ વ્યકિત ફળની આશા સાથે જ કર્મ કરે છે. પરંતુ વ્યકિત જ્યારે પણ કર્મ કરે છે ત્યારે તેણે માત્ર કર્મ કરવાની પ્રવૃત્તિમાં જ ધ્યાન રાખવું જોઇએ. વ્યકિત જે કઈપણ પ્રવૃત્તિ કરે છે તેમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થઇને કર્મ કરે છે તેને યોગ કહેવાય છે.

જ્ઞાનને ભગવાનનું સ્વરૂપ કહેવાય છે અને ભગવદ ગીતા પ્રત્યક્ષ જ્ઞાનનો ભંડાર છે. જેની પાસે નોલેજ છે તેની જ દુનિયામાં ચાલે છે. બિઝનેસમાં સફળ થવા માટે આધુનિક થવું પડશે. સમયની સાથે તાલમેલ સાધીને જ ચાલવું પડશે. જ્ઞાનની સાથે આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સમાં પણ આગળ વધવું પડશે. જો આવું નહી કરી શકશો તો ભવિષ્યમાં ફેંકાઇ જશો. શીખવું બંધ થઇ જશે તો જીતશો નહી. એના માટે સતત શીખતા રહો અને પ્રગતિ કરો.

ભગવદ ગીતામાં બિઝનેસનો મુળ છે. ભગવદ ગીતા, માણસો વચ્ચે ભેદ નહી કરવાનું શીખવે છે. ધર્મ, જાતિ અને આર્થિક પરિસ્થિતિનો ભેદભાવ નષ્ટ કરે છે. કારણ કે, બધામાં જ ચૈતન્ય છે. બિઝનેસમેને પણ સેવકભાઇ, કલાર્ક, મેનેજર કે ઉપરી અધિકારીઓમાં ભેદભાવ નહી કરવો જોઇએ. બધાની સાથે સારો સંબંધ રાખવો જોઇએ. ભગવદ ગીતા વાંચશો ત્યારે માતાની અનુભૂતિ થશે. કારણ કે, એ તમને માતાની જેમ માર્ગદર્શક બનીને બિઝનેસની મુશ્કેલીમાંથી બહાર કાઢવાનો રસ્તો બતાવશે. ભગવદ ગીતામાં કર્મયોગ સમજવા જેવો છે. કૃતિનું મૂલ્યાંકન કરો તો એનું ઇન્ટેન્શન જુઓ. બિઝનેસમાં માણસોની ચકાસણી કરતી વખતે ધ્યાન રાખો.

ચેમ્બરના માનદ્ મંત્રી દીપકકુમાર શેઠવાલાએ સેમિનારનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની એજ્યુકેશનલ ઇન્સ્ટીટયુટ લાયઝનીંગ કમિટીના કો–ચેરમેન દીપક રાજ્યગુરુએ વકતા વિનય પત્રાલેનો પરિચય આપ્યો હતો.